| | | | |
|---|---|---|---|
| **દાખલ તારીખ** | ૦૨/૦૩/૨૦૨૬ | | |
| **નોંધણી તારીખ** | ૦૨/૦૩/૨૦૨૬ | | |
| **નિકાલ તારીખ** | ૦૯/૦૩/૨૦૨૬ | | |
| **સમયગાળો** | **<u>વર્ષ</u>** | **<u>માસ</u>** | **<u>દિવસ</u>** |
| | ૦૦ | ૦૦ | ૦૭ |

**<u>૫માં એડીશ્નલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ,મહેસાણાની કોર્ટ સમક્ષ,</u>**
**<u>મુ.મહેસાણા.</u>**

**<u>ફોજદારી ૫.અરજી નં. ૨૫૫/૨૦૨૬</u>**

**<u>આંક</u> :–૧૦**

**(૧) રમેશ ઉર્ફે કચરો સન/ઓ.ચેલાજી ...અરજદાર**
**લક્ષ્મણભાઇ કાંગસીયા,**
ઉ.વ.આ.૨૮, ધંધો–મજુરી,
મૂળ રહે. :અમરપરા વાઘેશ્વરી માતાજીના
મંદીર પાસે,મહેસાણા–૧,
હાલ રહે, ૨૦, સાંઇદર્શન સોસાયટી,
ઉચરપી રોડ,મુ. મહેસાણા, તા.જી. મહેસાણા.

હાલ જીલ્લા જેલ પાટણમાં છે.

**<u>વિરૂધ્ધ</u>**

**ધી સ્ટેટ ઓફ ગુજરાત. ...સામાવાળા**

**<u>બાબત</u> :: <u>ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ની કલમ–૪૮૩ (ક્રિમી.પ્રો.કોડની કલમ–૪૩૯) મુજબ રેગ્યુલર જામીન અરજી કરેલ છે.</u>**

| | |
|---|---|
| **મહેસાણા શહેર એ ડીવી. પો. સ્ટેશન ગુ. રજી. નં.** | ૧૧૨૦૬૦૪૪૨૬૦૧૪૨/૨૦૨૬ |

| | |
|---|---|
| **ગુના :** | બી.એન.એસ.એસ.નીકલમ–૧૧૮(૧), ૩૫૨, ૩૫૧(૨),૫૪, તથા જી.પી.એકટની કલમ–૧૩૫ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર),૩(૧)એસ,૩(૨)(૫–એ) મુજબ. |

અરજદાર તરફે :– વિ.વકીલશ્રી **એ.એમ.શેખ /બી.એન.જાધવ**

સામાવાળા તરફે :– વિ.એ.પી.પી.શ્રી **એ.એસ.મકવાણા**

**<u>–: જ જ મે ન્ટ :–</u>**

**(૧)** અરજદાર/આરોપીઓની હાલની અરજી એવી છે કે, તેઓની સામે મહેસાણા શહેર એ ડીવી. પો.સ્ટે. પાર્ટ બી ઓન લાઇન ગુના રજી.નં.૧૧૨૦૬૦૪૪૨૬૦૧૪૨/૨૦૨૬ થી બી.એન.એસ.એસ. ની કલમ–૧૧૮(૧), ૩૫૨, ૩૫૧(૨),૫૪, તથા જી.પી.એકટની કલમ–૧૩૫ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર),૩(૧)એસ,૩(૨)(૫–એ) મુજબનો ગુનો નોંધાયેલ. સદર ગુનાના કામે અરજદાર/આરોપી તા.૨૮/૦૨/૨૦૨૬ થી જયુડી. કસ્ટડીમાં હોઇ નિયમિત જામીન મેળવવા માટે હાલની અરજી કરેલ છે.

**(૧.૧)** અરજદાર/આરોપી તરફે તેની અરજી સાથે નીચે મુજબના દસ્તાવેજો રજુ કરેલા છે.

૧. માર્ક–૪/૧ થી એફ.આઇ.આર.ની નકલ

**(૨)** અરજદાર/આરોપીની અરજી અન્વયે સામાવાળાને નોટીસ કરતાં તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું રજુ કરેલ છે, તપાસના કાગળો રજુ કરેલ છે.

**<u>એફ.આઇ.આર.ની હકીકત</u>** :–

**(૩)** હાલના ગુનાની એફ.આઇ.આર. હકીકત એવી છે કે, સવારના આઠેક વાગે ફરિયાદી તથા તેમના મોટાભાઇ રીતેશભાઇ બંને જણા એકટીવા

લઈને તેમના મિત્ર જાધવ વિપુલકુમાર મનુભાઈ ખેમાભાઈના સમુહ લગ્ન મહેસાણા ખાતે શુભ સ્વરાજ નોર્થ ટાઉનની સામે સોમનાથ મહાદેવ તળેટી રોડ ૧૩૫ પાટણવાળા વણકર સમાજના સમુહ લગ્ન હોય, જેથી આવેલ હતા અને બપોરના આશરે એક વાગ્યાના સુમારે તેઓ મંડપની બહાર પાણીની બોટલ લેવા સારું ગયેલ હતો, ત્યાં બેઠેલ એક ઇસમે પુછેલ કે તમારે દારુ જોઈએ છે, જેથી તેઓએ દારુ લેવાની ના પાડેલ હતી અને આ ઈસમને લોકો કચરો કચરો કહીને બોલવતા હતા. જેથી આ કચરો ઉશ્કેરાઈ જઈ તેમંને ગાળો બોલવા લાગેલ અને તેમની સાથે ઝપાઝપી કરવા લાગેલ, એવામાં કચરાનો ભાઈ જોગીયો એની ઉપરાણું લઈ આવેલ અને જેણે તેમને માથાના પાછળના ભાગે છરી મારેલ હતી અને આ બંને ભાઈઓ ફરિયાદીને કહેતા હતા કે "સાલ ઢેડા અહી લગ્નમાં કેમ આવેલા છો" તેમ જાતિવાચક અપશબ્દો બોલેલા હતા અને ફરિયાદીએ બુમાબુમ કરતા તેમનો ભાઈ રીતેશ તથા મિત્ર રાહુલ બાબુભાઈ રહે, સંતોષીનગર, અમરાઈવાડી અમદાવાદ વચ્ચે પડી તેને છોડાવેલ અને આ બંને જણા જતા જતા કહેતા હતા કે હવે પછી મારુ નામ લેશો તો જાનથી મારી નાંખીશું તેમ ધમકી આપી જતા રહેલા હતા અને ફરિયાદીને મહેસાણા સીવીલ હોસ્પી. ખાતે સારવાર સારું લાવેલ હતા અને ડોકટરશ્રીએ ફરિયાદીની સારવાર કરી માથાના ભાગે ટાંકા લીધેલ છે.

**અરજી હકીકત તથા અરજદાર તરફે રજુઆતો :-**

(૪) અરજદાર તરફે તેઓની અરજીમાં તથા તેમના વિ.વ.શ્રીએ ફરીયાદ હકીકત વંચાણે લઈ, અરજી મુજબની દલીલો કરેલ છે અને વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, સદર કામના અરજદાર ફરીયાદમાં જણાવેલ હકીકત પ્રમાણે કંઈપણ હકીકત જાણતા નથી પરંતુ તેઓને ખોટી રીતે કહેવાતા ગુનામાં સંડોવી દીધેલ છે. સદર ગુનાના સંબંધે પોલીસે અરજદારને માત્ર અને માત્ર હેરાન-પરેશાન કરવા ખોટી રીતે ગુનામાં સંડોવી દીધેલ છે. અરજદાર તા.૧/૦૩/૨૬ થી કસ્ટડીમાં

છે, ફરિયાદ મુજબ હાલના અરજદારને ઈજા પામનારને છરી મારેલ હતી, અરજદાર છરી મારનાર આરોપીના ભાઇ નથી, મુદામાલ કબજે થઇ ગયેલ છે, અરજદારે તપાસમાં સહકાર આપેલ છે અને હવે તપાસના કામે જરુર નથી, અરજદારને અગાઉ કયારેય સજા થયેલ નથી તેની સામે નોંધાયેલ અગાઉના ગુનામાં નિયમીત ટ્રાયલમાં હાજર રહેલ છે, આ કામે મહત્તમ સાત વર્ષની સજાની જોગવાઈ છે, ઈજા પામનાર હોસ્પીટલમાં નથી. અરજદાર મોજે મહેસાણા,તા.જી.મહેસાણા મુકામે તેમના કુંટુંબ–પરીવાર સાથે રહે છે અને મજુરી કરે છે અને સદર કામના અરજદારે જાતિવાચક શબ્દો બોલેલા ના હોવા છતાં ખોટી રીતે ફરીયાદમાં તેનો ઉલ્લેખ કરી તેઓને ખોટી રીતે ગુનામાં સંડોવી દીધેલ છે અને તેમના કુંટુંબ–પરીવારની જવાબદારી અરજદારના શીરે છે. અરજદાર જેલમાં હોઈ અને વધુ સમય જેલમાં રાખવામાં આવે તો તેમના માનસ ઉપર તેની ગંભીર અસર થાય તેમ છે. સદર ગુનાના કામે અરજદારને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવામાં ના આવે તો અરજદારના કુટુંબીજનોને મુશ્કેલીઓનો સામનો કરવાનો પ્રસંગ આવે તેમ છે. અરજદાર મોજે મહેસાણા, તા.જી.મહેસાણા મુકામે સ્થાવર તેમજ જંગમ મીલકતો ધરાવે છે. જેથી જો તેઓને જામીન ઉપર મુક્ત કરવામાં આવે તો કયાંય નાસી–ભાગી જાય તેમ નથી. અરજદારને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો નામદાર કોર્ટ જે કંઈ શરતો ફરમાવશે તે તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવાની ખાત્રી આપે છે તેમજ નામદાર કોર્ટ જેટલી રકમના જામીનનો હુકમ કરશે તેટલી રકમના સધ્ધર તેમજ લાયક જામીન આપવા ખુશી છે. જો અરજદારને જામીન ઉપર મુકત કરવામાં આવે તો ફરીયાદ પક્ષને કંઈ નુકશાન થાય તેમ નથી અને જો તેઓને જામીન ઉપર મુકત કરવામાં ના આવે તો તેઓને પારાવાર નુકશાન થાય તેમ છે. નામદાર કોર્ટ ધ્વારા જે કાંઈ શરતો મુકશે તેનું પાલન કરશે તેમ જણાવી જામીન પર મુકત કરવા વિનંતી કરેલ છે.

**<u>સામાવાળા તરફે સોગંદનામા હકીકત તથા વિ.એ.પી.પી.શ્રીની રજુઆતો</u> :–**

(૫) સરકાર તરફે **આંક–૦૬** થી ત.ક.અમલદારનું સોગંદનામું રજુ થયેલ છે તથા વિ.એ.પી.પી.શ્રીએ એફ.આઇ.આર. હકીકત જણાવી સોગંદનામા મુજબની રજુઆત કરેલ છે અને એવું જણાવેલ છે કે, અરજદાર સામે પ્રથમદર્શનિય ગંભીર પ્રકારનો ગુનો નોંધાયેલ છે,અરજદારનુ એફ.આઇ.આર.માં નામ છે, અરજદારને જામીન પર મુકત કરવાથી ફરીથી આવા પ્રકરાનો ગુનો કરશે, અરજદારે અન્ય આરોપીને મદદ કરેલ છે. તેમ જણાવી જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

આ કામે મુળ ફરિયાદીને નોટીસ કરતા તેના વિ.વ.શ્રી જે.ડી. મકવાણા મારફત હાજર થઇ આંક–૦૯ થી લેખિત વાંધા રજુ કરેલ છે જેમાં એફ.આઇ.આર. હકીકત જણાવી એવું જણાવેલ છે કે, આરોપીઓ ફરિયાદપક્ષના કેસને નુકશાન કરે તેવું જોખમ છે, સાહેદોને ધાક ધમકી આપી શકે તેમ છે, અરજદાર રીઢા ગુનેગાર છે, અરજદાર સામે અગાઉ બે ગુના નોંધાયેલ છે તેના કેસો આ કોર્ટમાં ચાલે છે. જામીન પર મુકત કરવાથી નાસી ભાગી જશે, તેમ જણાવી જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૬) અરજદાર/આરોપીની નિયમિત જામીન અરજી વંચાણે લીધી. અરજી સાથેના દસ્તાવેજો તથા ત.ક.અમલદાર ધ્વારા રજુ કરેલ સોગંદનામું તથા તપાસના કાગળો ધ્યાને લીધા તથા અરજદાર/આરોપીના વિ.વ.શ્રી તથા વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા.

(૭) આ કામે હાલની અરજી ના નિર્ણય સમયે એ નોંધવુ જરૂરી છે કે, નામદાર ગુજરાત હાઇકોર્ટ ના લક્ષમણ કરમણભાઇ ગઢવી વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૦૨(૩)જી. એલ. આર. ૨૨૮૮ તથા નામદાર સુપ્રિમ કોર્ટના અફજલ ખાન ઉર્ફે બાબુ મુર્તુજાખાન પઠાણ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૦૭(૩)જી એલ આર. ૨૨૮૩ ના ચુકાદામા

પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો મુજબ જામીન અરજી ના તબક્કે કેસના ગુણદોષની ઉંડાણપુર્વક ચર્ચા કરવાની રહેતી નથી.

(૮) ઉપરોકત નામદાર સુપ્રિમ કોર્ટ અને નામદાર હાઇકોર્ટના ચુકાદાઓ ધ્યાને લેતાં, દરેક કેસની હકીકત અને આરોપીએ ગુનામાં ભજવેલ ભાગ તથા આરોપીની સ્થીતી, આરોપીનો ભુતકાળ, ગુન્હાની ગંભીરતા, તપાસનો તબકકો, બનાવની સામાજીક અસર, સજાની જોગવાઇ, આરોપીનો ઈતિહાસ, કેસની હકીકત વિગેરે ધ્યાને લઇ જામીન અરજીનો નિર્ણય ચુકાદાઓમાં દર્શાવેલ સિધ્ધાંતો ધ્યાને રાખી કરવાનો રહે છે.

હાલના કેસની હકીકત જોઇએ તો, પોલીસ તપાસના કાગળો જોતાં આ ગુનામાં હાલના અરજદાર પ્રથમથી જ સંડોવાયેલ હોય તેવું જાહેર થાય છે પરંતુ અરજદાર સામે મહત્તમ સાત વર્ષ સુધીની સજાને પાત્ર ગુનો છે, અરજદાર તા.૨૮/૦૨/૨૬ થી કસ્ટડીમાં છે, અરજદારની ઉંમર ૨૮ વર્ષની છે, મુદામાલ કબજે થઇ ગયેલ છે, ઈજા પામનાર સારવારમાં નથી, અરજદારને અગાઉ કોઇ ગુનામાં સજા થયેલ હોય, એફ.આઈ.આર. હકીકત મુજબ હાલના અરજદારે ગુજરનારને ગાળો આપી ઝપાઝપી કર્યાનું આક્ષેપ છે. કેસની મહત્તમ તપાસ અને અરજદારને લગતી તપાસ પૂર્ણ થયેલ છે, જેથી પુરાવા સાથે ચેડા થવા કે તપાસમાં અડચણ થવા સંભવ નથી. કેસની ટ્રાયલ ચાલતા સમય લાગે તેમ છે, તપાસના કામે અરજદારની કોઇ જરુર નથી, આથી ટ્રાયલ ચાલતા દરમ્યાન કસ્ટડીમાં રાખવા જરુરી જણાતા નથી. જેથી તમામ સંજોગો ધ્યાને લેતાં અરજદારને જામીન ઉપર મુક્ત કરવા હુકમ કરવો ન્યાયી જણાય છે, આથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

**૧.** હાલના અરજદાર/આરોપી **રમેશ ઉર્ફે કચરો સન/ઓ.ચેલાજી લક્ષ્મણભાઇ કાંગસીયા**ની હાલની નિયમિત જામીન ઉપર મુકત થવાની ફો.પ.અ.નં.૨૫૫/૨૦૨૬ આથી **મંજુર** કરવામાં આવે છે.

**શરતોઃ-**

**૧.** આ કામના અરજદારે રૂ.૨૫,૦૦૦/- ના જામીન તથા તેટલી રકમના જાત મુચરકો રજુ કર્યેથી આ ગુનાના કામે ટ્રાયલ દરમ્યાન હાજર રહેવાની શરતે જામીન મુક્ત કરવામાં આવે છે.

**૨.** અરજદારે ફરિયાદપક્ષના પુરાવા સાથે સીધી કે આડકતરી રીતે ચેડા કરવા નહિ, સાહેદોને ધમકાવવા પ્રયત્ન કરવો નહી.

**૩.** અરજદારે લો એન્ડ ઓર્ડરનું પાલન કરવું, કોઈ ગુનાહિત પ્રવૃતિમાં સંડોવાવું નહી.

**૪.** અરજદારે દસ્તાવેજી પુરાવા સાથેનું સરનામું કોર્ટ સમક્ષ રજુ કરવું અને કોર્ટની પરવાનગી વિના તેમાં ફેરફાર કરવો નહી.

**૫.** અરજદારે કોર્ટ સમક્ષ તેનો કોન્ટેક નંબર તથા જામીનદારનો કોન્ટેક નંબર જાહેર કરવો અને તેમાં ફેરફાર થયેથી કોર્ટને પૂર્વ જાણ કરવી.

**૬.** અરજદારે ટ્રાયલની કોર્ટની પરવાનગી વિના ભારત બહાર જવું નહી.

**૭.** અરજદારે પોતાનો પાસપોર્ટ હોય તો ટ્રાયલ કોર્ટ સમક્ષ જમા કરાવવો અને જો ન હોય તો તે અંગેનું સોગંદનામું એક અઠવાડિયામાં જાહેર કરવું.

**૮.** અરજદારે ચાર્જશીટ થતા સુધી સંલગ્ન પો.સ્ટે. સવારે ૧૧.૦૦ થી ૨-૦૦ દરમ્યાન મહીનામાં એક વખત હાજરી પુરાવવી.

આ જામીન અરજીમાં કેસની હકીકત સંબંધે અને પુરાવા સંબંધે આપેલ તારણો માત્ર જામીન અરજીના નિર્ણય સંબંધે છે, તેનાથી કેસની ટ્રાયલને કોઇ અસર થશે નહી.

આ હુકમની જાણ સંબંધિત કોર્ટ, પોલીસ સ્ટેશનને કરવી તેમજ જેલ ઓથોરીટીને ઇ–મેઇલ કરવો.

હુકમ, આજરોજ મારી સહી કરી જાહેર કર્યો.

તા.૦૯/૦૩/૨૦૨૬
સ્થળ : મહેસાણા.

**(રમેશકુમાર બાબુભાઇ ઇટાલીયા)**
૫મા એડીશ્નલ સેશન્સ જજ
મહેસાણા.
(યુ.આઇ.સી.નં.જીજે૦૦૮૨૪)

*(P.A/ M.M.Farooqui)*